જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર  ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૮/૨૦૨૨    બુધવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-

સમાચાર યાદી નં.૧૫૦૬/૨૦૨૨

**Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૨૩/૦૮/૨૦૨૨ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.**

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

| અ.નં | ગુન્હાનો પ્રકાર | નોધાયેલ FIR ની સંખ્યા | | | અટક કરેલ આરોપીની સંખ્યા | | |
|---|---|---|---|---|---|---|---|
| | | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ | ગઈ કાલ સુધીની સંખ્યા | આજની સંખ્યા | કુલ |
| ૧ | કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951 | ૧૧૭૪૬ | ૦ | ૧૧૭૪૬ | ૧૭૮૫૨ | ૦ | ૧૭૮૫૨ |
| ૨ | કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005 | ૪૭૩૩ | ૦ | ૪૭૩૩ | ૬૨૮૨ | ૦ | ૬૨૮૨ |
| 3 | કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો) | ૧૪૧ | ૦ | ૧૪૧ | ૪૨૦ | ૦ | ૪૨૦ |
| ૪ | Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ | ૮૪૦૭૪ | ૦ | ૮૪૦૭૪ | ૮૫૦૪૪ | ૦ | ૮૫૦૪૪ |
| | કુલ | ૧૦૦૬૯૪ | ૦ | ૧૦૦૬૯૪ | ૧૦૯૫૯૮ | ૦ | ૧૦૯૫૯૮ |

| પત્રક-૨ | | | |
|---|---|---|---|
| લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા | MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૧૩ | ૨,૯૫,૭૦૦/- |

| પત્રક-૩ | | | |
|---|---|---|---|
| જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત | | | |
| અ.નં | જીલ્લા/શહેરનુ નામ | દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા | વસુલ કરવામાં આવેલ દંડની રકમ |
| ૧ | અમદાવાદ શહેર | ૦૦ | ૦૦/- |

# પાસા અટકાયતની વિગત

## કૃષ્ણનગર પોલીસ સ્ટેશન

### આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી કૃષ્ણનગર પોલીસ

મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર તથા સંયુકત પોલીસ કમિશનર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશનર શ્રી “જી” ડિવીઝન નાઓના માર્ગદર્શન તથા સુચના મુજબ કૃષ્ણનગર પો.સ્ટે. પાર્ટ એ ગુ.ર.નં.૧૧૧૯૧૦૧૩૨૨૦૩૬૯/૨૦૨૨ ઇપીકો કલમ ૩૬૩,૩૬૬,૩૭૬(૨)(N) તથા પોકસો એકટ કલમ ૩,૪,૫(એલ),૬,૧૧,૧૨,૧૮ જે.જે.એકટ ૮૪ મુજબનો શરીર સબંધેનો ગુનો દાખલ થયેલ જે આધારે રેકર્ડ તૈયાર કરી તેના વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મહે.પોલીસ કમિશનર શ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંકઃPCB/DTN/PASA/૭૬૧/૨૦૨૨ તા.૨૩/૦૮/૨૦૨૨ ના હુકમ આધારે તા.૨૩/૦૮/૨૦૨૨ ના કલાકઃ૨૦/૫૫ વાગે પાસા હુકમની બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ પાલારા ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

### આરોપીનું નામ :-

શજાલ ઉર્ફે સુજલઅહેમદ સ/ઓ અઝીરઉદ્દીન અલાઉદ્દીન અહેમદ ઉ.વ.૨૭ રહે.મ.નં.૬૬ જયદુર્ગા સોસા. કપીલપુર બજાર નવસારી મુળગામ ૩૬,મુરઝાર કરાઇઓની હોજાઇ નાગાઓ અસમ

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

**પો.ઇન્સ.શ્રી એ.જે.ચૌહાણ તથા** એએસઆઇ શૈલેન્દ્રસિંહ કાળુસિંહ બ.નં.૪૮૦૫ તથા અ.હે.કો. ધીરજકુમાર મંગળભાઇ બ.નં.૩૩૧૫ તથા અ.પો.કો.મયુરસિંહ ઉદેસિંહ બ.નં.૮૬૮૫ તથા અ.પો.કો. કલ્પેશસિંહ પોપટભાઇ બ.નં.૭૨૮૩



## નરોડા પોલીસ સ્ટેશન (૧)

## પ્રોહીબીશનના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી "જી" ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ અમોએ (૧) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૧૦૩૨૨/૨૦૨૧ પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબ (૨) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૧૧૮૨૬/૨૦૨૧ પ્રોહી એકટ કલમ ૬૬(૧)(બી), ૬૫(એ)(ઇ), ૧૧૬(બી), ૮૧, ૯૮(૨) મુજબના ગુનાઓ દાખલ થયેલ જે આધાર રેકર્ડ તૈયાર કરી આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૭૬૦/૨૦૨૨ તા.૨૩/૦૮/૨૦૨૨ ના હુકમ આધારે સદરી આરોપીને તા.૨૩/૦૮/૨૦૨૨ ના કલાક ૨૦/૦૦ વાગે પાસા હુકમની કાયદેસર બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ, પાલારા-ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.

### આરોપીનુ નામ :

અનિલ ઉર્ફે કાલી સ/ઓ બળદેવભાઇ સોલંકી ઉ.વ.૨૨ રહે-અરવિંદભાઇ પટેલની ચાલી, મુઠિયા ગામ, નરોડા જી.આઇ.ડી.સી, નરોડા, અમદાવાદ શહેર

### કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. કે.બી.રાઠોડ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ.પર્સનલના હે.કો.ગજેન્દ્રસિંહ રુપનસિંહ બ.નં.૮૪૨૨ હે.કો.અજીતસિંહ કલ્યાણસિંહ બ.નં.૩૫૧૭ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ તથા પો.કો.કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ પો.કો. મયુરસિંહ કરણસિંહ બ.નં.૧૨૫૧૦ તથા પો.કો. શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭



## નરોડા પોલીસ સ્ટેશન (૨)

## જુગારના ગુનાના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી નરોડા પોલીસ

મે.પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નર શ્રી સેકટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી “જી” ડીવીઝન નાઓના માર્ગદર્શન હેઠળ અમોએ (૧) નરોડા પો.સ્ટે. ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૫૨૨૦૭૪૮/૨૦૨૨ જુગાર ધારા કલમ ૪, ૫ મુજબનો ગુનો દાખલ થયેલ જે આધાર રેકર્ડ તૈયાર કરી આરોપી વિરુધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓ તરફ મોકલી આપતા મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર નાઓના ક્રમાંક:પીસીબી/ડીટીએન/પાસા/૭૬૪/૨૦૨૨ તા.૨૩/૦૮/૨૦૨૨ ના હુકમ આધારે સદરી આરોપીને તા.૨૩/૦૮/૨૦૨૨ ના કલાક ૧૯/૩૦ વાગે પાસા હુકમની કાયદેસર બજવણી કરી પાસા હેઠળ અટકાયત કરી ખાસ જેલ, પાલારા-ભુજ ખાતે મોકલી આપવા તજવીજ કરેલ છે.તા.૨૩/૦૮/૨૦૨૨

## આરોપીનુ નામ :

રઇશ સ/ઓ સાબુદીન રંગરેઝ (મન્સુરી) ઉ.વ.૨૫ રહે:ગલી નં.૪ જવાહરનગર નરોડા પાટીયા, નરોડા, અમદાવાદ શહેર મુળ વતન:મ.નં.૩૬૭, સરોજનગર, ગલી નં.૨, ભીંડ તા.ભીંડ મધ્યપ્રદેશ

## કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ. કે.બી.રાઠોડ તથા સર્વેલન્સ સ્કોડ સ્ટાફ તથા પી.આઇ.પર્સનલના હે.કો.ગજેન્દ્રસિંહ રુપનસિંહ બ.નં.૮૪૨૨ હે.કો.અજીતસિંહ કલ્યાણસિંહ બ.નં.૩૫૧૭ તથા પો.કો. જયેન્દ્રસિંહ શંકરજી બ.નં. ૮૩૩૭ તથા પો.કો.કિર્તનસિંહ વિક્રમસિંહ બ.નં.૯૬૪૯ પો.કો. મયુરસિંહ કરણસિંહ બ.નં.૧૨૫૧૦ તથા પો.કો. શૈલેષસિંહ ધુળસિંહ બ.નં.૧૧૭૩૭



**<u>નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૦૭/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૪ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૧૯૨ લીટર દેશી દારૂ અને ૧ રીક્ષા કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૪ કેસ કરી, ૧૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૭,૬૫૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**<u>તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૦૮/૨૦૨૨</u>**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૧૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**<u>છેતરપીંડીની ફરીયાદઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૫૦૯/૨૦૨૨</u>**

**ચાંદખેડાઃ** વાસુદેવભાઇ રામચંદ્રભાઇ પટેલ (ઉ.વ.૬૭) (રહે. આરામ બંગ્લોઝ સોપાન એપાર્ટમેન્ટ પાસે બી.આર.ટી.એસ.બસ સ્ટેન્ડ પાસે ચાંદખેડા) એ તા.૨૩/૦૮/૨૦૨૨ ના રોજ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે વાસુદેવભાઈ પટેલ તા.૦૪/૦૮/૨૦૨૨ સવારના ૧૧/૦૦ વાગ્યાના સુમારે ચાંદખેડા ન્યુ સી.જી.રોડ જુની પંજાબ નેશનલ બેન્ક નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક પુરૂષ વાસુદેવભાઈ પટેલ નજીક આવી વાસુદેવભાઈના પગમાં શારીરીક તકલીફ અંગે પુછ-પરછ કરી વિશ્વાસમાં લઈ પગની તકલીફ દુર કરવા સારવાર માટે મોબાઈલ નંબર ૯૧૭૩૩૮૬૨૩૨ ના ધારક બંશલ તથા ડો.આર.થાનાવાલા મોબાઈલ નંબર ૯૫૪૮૦૦૫૭૫૦ ના ધારક તેમજ અન્ય એક અજાણી વ્યક્તિએ ભેગા મળી વાસુદેવભાઈના ઘરે આવી વાસુદેવભાઈના પગમાં સામાન્ય કાણું પાડી પાઈપ વડે કુંક મારી પીળા રંગનુ પ્રવાહી બતાવી પગમાં પરૂ થઈ ગયેલ છે જે પરૂ કાઢી નાખ્યુ છે હવે પગની લકલીફ દુર થઈ જશે તેમ કહી બનાવટી સારવાર કરી વાસુદેવભાઈ પટેલ પાસેથી રોકડ રૂપિયા ૨,૫૦,૦૦૦/- મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.આર.પટેલ ચલાવે છે.

**સાયબર ક્રાઈમઃ** પૂનમ વા/ઓ તેજેન્દ્રરસિંગ ઢટ (ઉ.વ.૪૫) (રહે. શુભલક્ષ્મી ટાવર સંઘવી સ્કુલ સામે નારણપુરા) એ સાયબર ક્રાઈમ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૩/૦૮/૨૦૨૨ કલાક ૭/૦૦ વાગ્યાના સુમારે પૂનમ ઢટ ના મોબાઈલમાં એસ.બી.આઇ. બેન્કના ખાતામાં પાનકાર્ડ અપડેટ કરવાનો મેસેજ આવતા પૂનમ ઢટ એ એસ.બી.આઇ.બેન્કના કસ્ટરમ કેરમાં વાત કરતા મોબાઈલ નંબર ૯૨૨૩૦૦૮૩૩૩ ના ધારકે એસ.બી.આઇ.બેન્કના કસ્ટરમ કેરમાંથી વાત કરતા હોવાની ઓળખ આપી પૂનમ ઢટ ના બેંક ખાતામાં પાનકાર્ડ અપડેટ કરવા લીંક મોકલી ઓનલાઇન વિગત ભરાવડાવી પૂનમ ઢટ ના મોબાઈલમાં આવેલ ઓ.ટી.પી. નંબર મેળવી લઇ પૂનમ ઢટના ખાતામાંથી ઓનલાઈન ઈન્ટરનેટના માધ્યમથી કુલ રૂપિયા ૪,૧૦,૬૮૭/- ટ્રાન્સફર કરી મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી એચ.એન.પટેલ ચલાવે છે.

**ઘરફોડઃ-** **સમાચાર યાદી નં.૧૫૧૦/૨૦૨૨**

**નિકોલઃ** બિપીનભાઇ લાભશંકરભાઇ દવે (રહે. જીનલ બંગ્લોઝ સત્યમ પ્લાઝા સામે ડી-માર્ટ રોડ નિકોલ) એ તા.૨૩/૦૮/૨૦૨૨ ના રોજ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૦/૦૮/૨૦૨૨ કલાક ૦૭/૦૦ થી તા.૨૧/૦૮/૨૦૨૨ સાંજના ૭/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બારીની ગ્રીલ કાપી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી કબાટમાંથી સોના-ચાંદીના દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૩,૦૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે.એલ.સિસોદિયા ચલાવે છે.

**વિજ કરંટ લાગતા મૃત્યુઃ-** **સમાચાર યાદી નં.૧૫૧૧/૨૦૨૨**

**શહેરકોટડાઃ** મેમ્કો પુલ હિન્દુસ્તાન ફાઉન્ડ્રરીની બાજુમાં સેડ નંબર-૮ સ્વસ્તિક ફેકટરી ખાતે રહેતા અને ત્યા જ કામ કરતા પાર્થ ઉર્ફે ભોલાભાઇ ગીરધરભાઇ અન્તાલા (ઉ.વ.૨૪) (રહે. ગામ-જેપુર તા.જેતપુર જી.રાજકોટ) તા.૨૩/૦૮/૨૦૨૨ બપોરના ૨/૦૦ વાગ્યાના સુમારે સ્વસ્તિક ફેકટરીમાં સી.એન.સી મશીન ઉપર કામ કરતા હતા ત્યારે વિજ કરંટ લાગતા સારવાર માટે તેમને આનંદ સર્જીકલ હોસ્પિટલ ખાતે લઈ જતા ફરજ પરના ડૉશ્રીએ મૃત જાહેર કર્યા હતા. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હઠીસિંહ કેસરીસિંહ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી